અણ્ણાનો જય હો, લોકપાલ બીલ પસાર

અણ્ણા સમર્થકો ઝુમી ઉઠ્યા, તિરંગો લહેરાવાયો : હવે કાયદાના અમલીકરણ પર નજર રાખવા વોચડોગ બોડીની રચના કરવાની સામાજિક કાર્યકરની જાહેરાત

રાલેગનસિદ્દિ,તા. ૧૮

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારેએ આજે નવ દિવસથી ચાલતી તેમની ભૂખહડતાળનો અંત આણી દીધો હતો. લોકસભામાં લોકપાલબિલ પસાર થઈ ગયા બાદ તરત જ અણ્ણાએ તેમના અનશન તોડી દિધા હતા. અણ્ણાએ જાહેરાત કરી હતી કે, કાયદો કઈ રીતે અમલી બનાવવામાં આવે છે તેના પર નજર રાખવા કેટલાક લોકોની બનેલી એક વોચડોગ સંસ્થાની તેઓ રચના કરશે. અણ્ણા હજારેએ તમામ લોકોનો આભાર માન્યો હતો. લોકસભામાં ઐતિહાસિક બિલ પસાર થઈ ગયા બાદ અણ્ણા હજારેએ સમાજવાદી પાર્ટી સિવાય તમામનો આભાર માન્યો હતો. પરંતુ આમ આદમી પાર્ટીની ઝાટકણી કાઢી હતી. અણ્ણા હજારે ભ્રષ્ટાચાર વિરોધી ચળવળમાં

હમેશાથી સામેલ રહ્યા છે. વર્ષ ૨૦૧૧માં લોકસભામાં તેમના લાંબા આંદોલનના કારણે લોકપાલ બિલ લાવવાની ફરજ પડી હતી. રામલીલા મેદાન ઉપર તેઓએ અચોક્કસ મુદતનું આંદોલન ચલાવ્યું હતું.

૭૬ વર્ષીય ગાંધીવાદી નેતાએ કહ્યું હતું કે, વોચડોગ બોડીની તેઓ રચના કરશે. જે કાયદો કઈ રીતે અમલી બનાવવામાં આવે છે તેના પર નજર રાખશે. અણ્ણાએ એમપણ કહ્યું હતું કે, જ્યાં સુધી આને અમલી બનાવવામાં આવશે નહીં અને યોગ્ય

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૭૮ | ૧૯ ડિસેમ્બર, ૨૦૧૩, ગુરૂવાર; માગશર વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ઘરડાંઘરને પુત્ર ધર્મનું કબ્રસ્તાન કહેવાય
- શરીફા વીજળીવાળા

ખેલ મહાકુંભ - ખેલ મહાકુંભ હવે અંતિમ ચરણમાં છે... બુધવારે રાજ્યકક્ષાની ખેલકુદની સેમીફાઈનલની વિવિધ સ્પર્ધાઓ ગાંધીનગર 'સાઈ' કોમ્પલેક્ષ ખાતે યોજાઈ હતી. (તસવીર : દિપક જાની)

ગુણોત્સવમાં ગાંધીનગર શહેર નબળુ

શહેરની એક શાળા 'એ' ગ્રેડમાં તો શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારની બે શાળા 'એ' ગ્રેડ મેળવ્યો; દહેગામનો શ્રેષ્ઠ દેખાવ ગાંધીનગર તાલુકાનું સૌથી નબળુ પરિણામ આવ્યું : જિલ્લાની ટોપટેનમાં દહેગામની પાંચ, માણસાની ચાર અને કલોલની એક શાળા

ગાંધીનગર, તા. ૧૮

ગુણોત્સવ-૨૦૧૩ના જાહેર થયેલા પરિણામ ગાંધીનગર શહેર અને તાલુકા માટે અત્યંત નિરાશાજનક રહેવા પામ્યા છે.

ગુણોત્સવ-૨૦૧૩માં ગાંધીનગર જિલ્લાનો દેખાવ નોંધનીય અને પ્રોત્સાહક જરૂર છે પરંતુ ગાંધીનગર શહેર અને તાલુકા માટે તે નિરાશાજનક છે. જિલ્લાના ચારેય તાલુકાઓમાં તે છેલ્લા ક્રમે આવે છે.

જિલ્લાની ત્રણ પ્રા. શાળાઓએ એ+ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે અને આ ત્રણેય પ્રા. શાળા દહેગામ તાલુકાની છે. જિલ્લાની ૧૩૭ શાળાઓએ 'A' ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. જેમાં સૌથી વધુ દહેગામની ૫૯ પ્રા. શાળા છે જ્યારે બીજા ક્રમે માણસા તાલુકો આવે છે જેની ૩૫ પ્રા. શાળા છે. ત્રીજા ક્રમે કલોલ તાલુકો આવે છે

● અનુસંધાન પાન-૭ પર

રણોત્સવ માણવા ત્રણ મુખ્યમંત્રીઓને નિમંત્રણ

ગાંધીનગર, તા.૧૮

કચ્છના ધોરડો ખાતે ગઈકાલથી શરૂ થયેલા રણોત્સવ કાર્યક્રમ નિહાળવા ત્રણ રાજયોના મુખ્યમંત્રીઓને ગુજરાત સરકાર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કચ્છના ધોરડો ખાતે રાજય સરકાર દ્વારા રણોત્સવનો કાર્યક્રમ યોજવામાં આવે છે. આ વર્ષે પણ ગઈકાલથી રણોત્સવ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

રણોત્સવના કાર્યક્રમને નિહાળવા માટે રાજય સરકારે છત્તીસગઢના મુખ્યમંત્રી રમણસિંહ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે અને પંજાબના નાયબ મુખ્યમંત્રીને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

જિલ્લાની પ્રાથમિક શાળાના તમામ બાળકોને યુનિક આઈ.ડી. આપવામાં આવશે

૧૮ ડિઝીટનો આ ચાઈલ્ડ નંબર શાળાના પ્રમાણપત્રમાં દર્શાવવો ફરજીયાત રહેશે : આ આઈડી નંબર સાથે બાળકોની ૨૪ જેટલી વિગતોનો ડેટા બેઝ પણ તૈયાર કરવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં બાળકવાર ડેટાબેઝને આવરી લેતાં "આધાર ડાયસ"નો અમલ શરૂ કરાયો છે. રાઈટ ટુ એજ્યુકેશન બજેટની જોગવાઈ અનુસાર આ યુનિક ચાઈલ્ડ આઈડી નંબર શાળા છોડતાં બાળકના પ્રમાણપત્રમાં પણ શાળાઓએ દર્શાવવાનો રહેશે.

૧૮ ડિઝીટ ધરાવતા આ આઈડી નંબર જે તે શાળાએ જ આપવાના છે. ચાઈલ્ડ યુનિક આઈડીની સાથે બાળકની ૨૪ જેટલી વિગતોની એન્ટ્રી કરી આખુ રજીસ્ટર શાળાએ નિભાવવાનું રહેશે.

આ ચાઈલ્ડ યુનિક આઈડી અમલમાં મુકવામાં આવતાં શાળાઓના ડ્રોપ આઉટ રેસિયો, સ્થળાંતર થતા બાળક, શાળા બદલતા બાળકો અંગેની વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ તંત્રને આવી શકશે.

જિલ્લા પ્રા. શિક્ષણાધિકારીશ્રી દ્વારા આ અંગે દરેક શાળાએ કડક તાકીદ કરતા આદેશો પણ જારી કરી દેવામાં આવ્યા છે. ગત વર્ષે પાયલોટ

● અનુસંધાન પાન-૭ પર

વડગામની મેમદપુરા ગામની પ્રાથમિક શાળાનો વિદ્યાર્થી દરવાજા પર અચાનક ચડી જતા ગળાના ભાગે ભાલા આકારનો સળીયો ઘુસી જતા ગંભીર હાલતમાં મુકાયો હતો. સળિયો નીચેથી કાપી રાહુલ ઠાકોરને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ઓપરેશન કરી સળિયો બહાર કાઢ્યો હતો. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

વિધાનસભા સત્ર ૨ ઉમી જાન્યુઆરીથી

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત વિધાનસભાનું અંદાજપત્ર સત્ર આગામી ૨ ઉમી જાન્યુઆરીએ સાત દિવસ માટે બોલાવવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે અને સંપૂર્ણ બજેટના બદલે લેખાનુદાન બજેટ લાવવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આગામી લોકસભાની ચૂંટણીઓ અંગેનું જાહેરનામું ફેબ્રુઆરીના અંતમાં અથવા માર્ચના પ્રથમ સપ્તાહમાં જાહેર થાય તેવી શકયતાઓ છે. આથી આ ચૂંટણીઓને ધ્યાને રાખીને રાજય સરકારે ૩૦ દિવસનું વિધાનસભા સત્ર બોલાવવાને બદલે સાત દિવસ માટેનું જ સત્ર બોલાવવાનો નિર્ણય કર્યો હોવાનું સૂત્ર પાસેથી જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ૨ ઉમી જાન્યુઆરીથી ઉમી જાન્યુઆરી સુધી સાત દિવસનું સત્ર બોલાવવામાં આવનાર છે. રાજય સરકાર આ સત્રમાં સંપૂર્ણ બજેટના બદલે માત્ર ચાર મહિના માટેનું લેખાનુદાન બજેટ લાવનાર હોવાનું જાણવા મળે છે.

NEWS બિટ્સ

● અડવાણીની આગાહી કોંગ્રેસને બે આંકડામાં બેઠકો મળશે

ગાંધીનગર, તા. ૧૮

ભાજપના વરિષ્ઠ નેતા એલ.કે. અડવાણીએ પોતાના બ્લોગમાં ટિપ્પણી કરી હતી કે આગામી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસને ૧૦૦ થી પણ ઓછી બેઠકો મળશે. તાજેતરમાં યોજાયેલી ચાર રાજયોની વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને કારમી હાર મળતા ભાજપ ગેલમાં આવી ગયું છે. અડવાણીએ કોંગ્રેસની આ હારને કટોકટી પછીની ચૂંટણીમાં મળેલી હાર સાથે સરખાવી આ આગાહી કરી છે.

● મોબાઈલ ઉત્પાદકોએ હેન્ડસેટમાં SOS બટના ફરજિયાત દાખલ કરવું પડશે

અમદાવાદ, તા. ૧૮

મોબાઈલ ફોનના ઉત્પાદકોએ તેમના તમામ હેન્ડસેટમાં મહિલાઓની સુરક્ષા માટે એસઓએસ બટન (સેવ અવર સોલ) ફરજિયાત દાખલ કરવું પડશે. આ બટનને પોલીસ નેટવર્ક સાથે સાંકળી લેવાશે જેથી કોઈ મહિલા મુશ્કેલીમાં હોય તો તેને તાત્કાલિક મદદ પહોંચાડી શકાય. એક વર્ષ અગાઉ થયેલી દિલ્હી ગેંગરેપની ઘટના બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

● ૧૯૭૧ની લડાઈમાં પાકિસ્તાનને તોડી નાંખનાર વિક્રાંત ગુજરાતમાં તુટશે

ગાંધીનગર, તા. ૧૮

૧૯૭૧ની ભારત-પાકિસ્તાની લડાઈના હીરો આઈએનએસ વિક્રાંતને ૧૯૮૭માં રીટાયર્ડ કરવામાં આવ્યું હતું. તે પછી તેને મુંબઈ પાસે મ્યુઝિયમમાં ફેરવી દેવાયું હતું. પરંતુ તેનો જંગી ખર્ચ હવે સરકારને પોષાતો ન હોઈ તેને ભાંગી નાંખવાનો નિર્ણય લેવાઈ રહ્યો છે. મોટાભાગે તેને ભાવનગર નજીક અલંગમાં તોડી નાંખવામાં આવશે.

● વોટસએપ પર ખોટા મેસેજ મોકલતા પકડાશો તો ત્રણ વર્ષની સજા થશે

ગાંધીનગર, તા. ૧૮

યુવાનોમાં દિન પ્રતિદિન 'વોટ્સઅપ' મોબાઈલ એપ્લીકેશનનો ઉપયોગ વધી રહ્યો છે. મેસેજ મોકલવાથી લઈને ફોટા-વિડીયો મોકલવા સુધીની આ સેવાનો કેટલાક તત્વો અફવા ફેલાવવા માટે કરતા હોવાનું ધ્યાને આવ્યું છે. અફવા કે અંધાધૂંધી ફેલાય તેવા ખોટા મેસેજ મોકલનારને હવેથી દંડવામાં આવશે. ગુન્હો સાબિત થાય તો ત્રણ વર્ષની સજા થઈ શકે છે.

GPSC-1/2 PSI
ક્લાર્ક, તલાટી
તમામ બેચમાં પ્રવેશ ચાલુ છે.
પરીક્ષા સુધીનો કોર્ષ
TCCI EDUCATION PVT. LTD. ૨૬ વર્ષની સફળતા
ઓફિસ સમય 9.30 a.m. to 5.00 p.m.
ગાંધીનગર - 9537614607
મહેસાણા - 9537614606

WALK IN INTERVIEW
19/12/13 TO 21/12/13
TIME: 12:30 TO 3:30
ENGLISH TEACHER
ELIGIBILITY: B.A. B.ED/M.A. B.ED.
SHETH MANSUKHBHAI BHAGUBHAI SELF FINANCE SEC. SCHOOL PETHAPUR
CONT.: 9624919760

WORLD BIG Cinemas
ADVANCE BOOKINGS NOW OPEN
Dhoom 3 (U/A) - 9.00, 11.00, 11.30 am, 12.15, 2.30, 3.00, 3.30, 6.00, 6.30, 7.00, 9.30, 10.00 & 10.30 pm
R World BIG Cinemas, Ahmedabad-Mehsana Highway, Adalaj
Jackpot (A) - 12.45, 3.45 & 10.15 pm
R...Rajkumar (U/A) - 10.00 am, 12.45, 3.45, 6.45 & 10.00 pm
Ram Leela (U/A) - 4.15 & 10.30 pm
Happy Familyy Pvt. Ltd. (Guj.) (U) - 7.15 pm
*schedule subject to change
NOW SHOWING
telebooking 09377458281/09377458431
www.bigcinemas.com
facebook.com/BigCinemasIndia

PANDIT DEENDAYAL PETROLEUM UNIVERSITY
PDPU
PANDIT DEENDAYAL PETROLEUM UNIVERSITY
RAISAN, GANDHINAGAR - 382 007
CENTER OF CONTINUIG EDUCATION
Learn Foreign Languages Make a vibrant Career In :
Manufacturing Industries, IT Industry, Public Relation & Mass Communicaion, Tourism, MNCs, International Busiess etc.

Program	Start Date	Timings
Japanese Language Basic (N5) Level- 46 Hours	01-01-2014	Mon., Tue., Wed. & Fri.6:00P.M. to 7:00P.M.
German Language Basic Level- 46 Hours	23-12-2013	Mon., Wed. & Fri. 6:00P.M. to 8:00P.M.
Spanish Language Basic Level- 46 Hours	01-01-2014	Mon., Wed. & Fri. 6:00P.M. to 8:00P.M.

Fee Rs. 6000 For Each Course (Inc. Service Tax)
For Registration : 11.00 a.M. to 4.00 P.M. (Monday to Friday) at 2nd Floor, SPT-I Building. Ph. : 079-23275009 Mo. :9427613813
E-mail: bipin.mehta.pdpu.ac.in Web. : www.pdpu.ac.in

આપની લાડલીની આણાની ખરીદી માટેનું વિશ્વાસપાત્ર સ્થળ
MANY HAPPY CLIENTS FROM ABROAD FOR OUR EXQUISITE BRIDAL COLLECTION OF CHANIYACHOLI, SAREE, ANARKALI. NOW IS THE TIME FOR YOU TO DECIDE. VISIT OUR DESIGNER STUDIO TODAY! OR www.kalpanascreations.com/bridal
www.facebook.com/kalpanascreations
WE STITCH/DESIGN SUPERB DESIGNER BLOUSES FOR YOUR SAREES - RANGE STARTS RS. 2500
All major credit cards accepted
KALPANA'S Creations
9 Colors of Grace, Style and Fashion
Ashirvad Paras,Sales India Lane, Corporate Road,Prahladnagar, A'bad. 40327054-55-57. info@kalpanascreations.com. Whatsapp : 9724132749. skype:kalpanamshah
TROUSSEOU AND BRIDAL CHOLI SPECIALIST
SUPERB BRIDAL COLLECTION EXHIBTION ON!

સરકારી નોકરી મેળવવા
GPSC-1/2, BANK, PSI, તલાટી, ક્લાર્ક, વગેરે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે
: નવી બેચનો પ્રારંભ :
22/12/2013 રવિવારથી (સમય - સવારે 8 થી 10)
: વિશેષતા :
● ગણિત - અંગ્રેજી પર વિશેષ ભાર મૂકી પાયાથી જ શિખવવામાં આવશે.
● અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરેલ તથા વર્ષોનો અનુભવ ધરાવતી નિષ્ણાંત ફેકલ્ટીઝ.
● સોમથી શનિ દરરોજ 2 કલાકનું ટીચીંગ
● GPSC-1/2 સુધીના તમામ વિષયોનું ટીચીંગ
● સંપૂર્ણ મટીરીયલ સંસ્થા તરફથી અપાશે.
● દરરોજ લેવાતી ટેસ્ટ દ્વારા સતત સ્વમૂલ્યાંકન.
પ્રવેશ માટે સંપર્ક 99256 98721
વિવેકાનંદ એકેડમી
677, ઝીંગા માતા, ઇન્કમટેક્સ સામે, મુખ્ય સોર્પીંગ સેન્ટર, સેક્ટર-22, ગાંધીનગર